eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 334
July 19, 2013

## સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગના સંયુકતપણા હેઠળ વરાછા ઝોન વિસ્તારમાંથી લારી ગલ્લા તેમજ વાહનોનું દબાણ દુર કરવા હાથ ધરાયેલ અભિયાન બાબત

હાલમાં સુરત શહેર એક અતિગતિશીલ અને ઉંચા દરે વિકાસ પામી રહેલ શહેર તરીકે ઉભરી રહેલ છે. જેમાં ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદીન વધુ વિકટ બનવાની સંભાવના રહેલ છે. સુરત શહેરનો વિકાસનું મુખ્ય માધ્યમ રોડ વ્યવહાર છે જેને પ્રાધન્ય આપી પોલીસ તેમજ મહાનગરપાલિકાના સંયુકતપણા હેઠળ ટ્રાકીની સમસ્યા હલ કરવા પ્રયત્નો કરવામાં આવી રહયા છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્યલક્ષી કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૧/૦૭/૧૩ નાં રોજ આરોગ્ય વિભાગ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ની સુચના મુજબ તા.૧૦/૦૭/૧૩ ના રોજ સુરત રેલ્વે સ્ટેશનની સામે આવેલ હોટલ/રેસ્ટોરન્ટનું ચેકીંગની કામગીરી

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ની સુચના મુજબ તા.૧૦/૦૭/૧૩ ના રોજ સુરત રેલ્વે સ્ટેશનની સામે આવેલ હોટલ/રેસ્ટોરન્ટનું ચેકીંગ કરવામાં આવેલ. ચેકીંગ દરમ્યાન નીચે જણાવેલ રેસ્ટોરન્ટોમાં વેચાણ અંગેના ખાદ્યપદાર્થો ખુલ્લા રાખવામાં આવેલ તથા રસોડામાં મોટાપાયા પર ગંદકી માલુમ પડેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩(કરંજ) ના રીઝર્વેશન હેઠળના ફા. પ્લોટ નં.૯૭માં ક્રાંતિ સોશ્યલગૃપ અને શાંતિવનના વહીવટકર્તાઓ તરફથી કરવામાં આવેલ બિનઅધિકૃણ દબાણ દુર કરી જગ્યાનો કબજો મેળવ્યો

ટી.પી.સ્કીમ નં.૩(કરંજ) ના રીઝર્વેશન હેઠળના ફા. પ્લોટ નં.૯૭ કે જે ૧૫૦' ફુટના રોડને લાગુ સંતોષીનગર સોસાયટી પાસે આવેલ છે. મજકુર રીઝર્વેશન હેઠળના ફા.પ્લોટ નં.૯૭ ની ઉત્તર તરફના ભાગે ૨૭૦.૦૦ ચો.મી. જગ્યા સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૧૮૩/૨૦૦૨ થી...

વધુ માટે કલીક કરો >>>>>>

## બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ " સેન્ટ્રલાઈઝડ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન " ભટાર સુરત ખાતે કરવા બાબત

આથી જણાવવાનું કે, હોસ્પિટલ, દવાખાના, નર્સીંગ હોમ, ડીસ્પેનસરી, બ્લડ બેંક, પેથોલોજીકલ લેબોરેટરી વિગેરેને એન્વાયરોમેન્ટલ પ્રોટેકશન એકટ–૧૯૮૬ અંતર્ગત બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ અને હેન્ડલીંગ) રૂલ્સ–૧૯૯૮ ની કલમ–૬, ૮ તથા શીડયુલ–૧ અને ૨ ની કલમ–૫, ૬ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર ઈંટનું ચણતર, પ્લાસ્ટર સહિતનું બાંધકામ દૂર કરવાની કામગીરી

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૪ નોંધ નં.૩૧૨, ૩૧૩ દુધારાશેરી, મહિધરપુરા, સુરત વાળી મિલ્કતમાં અત્રેથી સેન્ટ્રલ ઝોન/આ./નં.૧૪૩, તા.૨/બ૦૮/૨૦૧૨ થી આપવામાં આવેલ વિકાસ પરવાગની વિરૂધ્ધ પાંચમાં માળે આશરે ૨૫૦૦ ચો. ફુટનું આર.સી.સી. સ્લેબ/બીમ/કોલમ સહિતનું ગેરકાયદેસર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સ્લેબ/બીમ કોલમ સહિતનું વધારાનું બાંધકામ ત્રીજી વાર દૂર કરવાની કામગીરી બાબત

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧ માં ડંગોર સ્ટ્રીટ નાનપુરામાં આવેલ નોંધ નં.૧૧૫૫ વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રી ધનસુખલાલ છોટાલાલ એ રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૨/૦૬/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજૂરી આપવામાં આવી હતી...

વધુ માટે કલીક કરો >>>>>>

## જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બોગામાં પ્રવેશ બાબત

સુરત મહાનગપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૨૦/૦૭/૧૩ થી તા.૨૪/૦૭/૧૩ સુધી નીચે જણાવેલ બાગોમાં બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા" કાર્યક્રમનું આયોજન

ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરતા વરસાદના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ના રોજ સુરત મહાનગરપાલિકા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણીનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે અષાઢ સુદ સાતમ તા.૧૫/૦૭/૨૦૧૩ ને સોમવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારમાં વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરી ની અખબારી યાદી

તારીખ ૦૮/૦૭/૨૦૧૩ ના રોજ ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ની મિટીંગમાં થયેલ ચર્ચા મુજબ મચ્છર જન્ય પરિસ્થિતિ ના નિર્માણ કરતાં ઈસમો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરવા સુચના આપવામાં આવેલ. સદર હકીકતે અત્રેના પશ્ચિમ ઝોન ના વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા ઝુંબેશરૂપી ચેકીંગ હાથ ધરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ખુલ્લા પ્લોટો, સ્કૂલો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, પાસે કુલ રૂા. ,૫લ૫ડડળઢ જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવાની કામગીરી

સાઉથ ઝોન(ઉધના)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા નીચે મુજબના ખુલ્લા પ્લોટો, સ્કૂલો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા બાંધકામો, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, સ્કૂલોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડિંગનો નાશ કરાવવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તાપી જન્મજયંતિ નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ



ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છેતેવી ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા તથા તા.૧૧–૬–૧૩ નાં રોજ મળેલ આંતર ખાતાકીય સંકલન બેઠકમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) હસ્તકના વિસ્તારમાં આરોગ્ય તથા ઇજનેરી વિભાગની સામુહિક સફાઇ અભિયાન કામગીરી સાથે વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા કરેલ કામગીરીની અખબારી યાદી

આજરોજ તારીખ ૧૭/૦૭/૨૦૧૩ ના રોજ પશ્ચિમ ઝોન ( રાંદેર) હસ્તકના કૃષ્ણકુંજ વોર્ડ ઓફિસના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આરોગ્ય અને ઇજનેરી વિભાગ ધ્વારા સામુહિક સફાઇ અભિયાનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા પણ વૈભવ નગર સોસાયટી,વર્ષા સોસાયટી...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સ્લેબ/બીલ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવાની કામગીરી

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૭ માં ચોથીયા શેરી, રામપુરા, સુરતમાં આવેલ નોંધ નં.૩૮૯૫ વાળી મિલ્કતમાં ભોંયતળિયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રીમતી મીનાબેન સત્યનારાયણ અગ્રવાલ પી.ઓ.એ.એચ. ઓફ જયોતિન્દ્રકુમાર શ્યામસુંદર અગ્રવાલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા બાબત

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ માધ્યમિક અને ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધા, તા.૧૯/૦૭/૨૦૧૩ ના રોજ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકથી રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત ખાતે તથા તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ ગોરમાગીત સ્પર્ધા સવારે ૯.૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગના સંયુકતપણા હેઠળ વરાછા ઝોન વિસ્તારમાંથી લારી ગલ્લા તેમજ વાહનોનું દબાણ દુર કરવા હાથ ધરાયેલ અભિયાન બાબતઃ–

હાલમાં સુરત શહેર એક અતિગતિશીલ અને ઉંચા દરે વિકાસ પામી રહેલ શહેર તરીકે ઉભરી રહેલ છે. જેમાં ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદીન વધુ વિકટ બનવાની સંભાવના રહેલ છે. સુરત શહેરનો વિકાસનું મુખ્ય માધ્યમ રોડ વ્યવહાર છે જેને પ્રાધન્ય આપી પોલીસ તેમજ મહાનગરપાલિકાના સંયુકતપણા હેઠળ ટ્રાકીની સમસ્યા હલ કરવા પ્રયત્નો કરવામાં આવી રહયા છે. જેના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં તા.૦૫/૦૭/૨૦૧૩, તા.૦૬/૦૭/૨૦૧૩, તા.૦૮/૦૭/૨૦૧૩ તથા તા.૦૯/૦૭/૨૦૧૩ ના રોજ વરાછા મેઈન રોડ, લંબે હનુમાન રોડ, કોહીનૂર રોડ, માનગઢ ચોક થી ખોડીયારનગર તરફ જતા રોડ ઉપર વાહનો તથા લારી ગલ્લાના દબાણો દુર કરવા અંગે પોલીસ વિભાગના પોલીસ કર્મીઓ તેમજ સુરત મહાનગરપાલિકાના પૂર્વ (વરાછા) ઝોનના સ્ટાફની સંયુકત કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજીત કુલ ૬૬૯ વાહનોને અંદાજીત કુલ રૂા.૩૬,૪૭૫/– દંડ કરવામાં આવેલ, ઉપરાંત અંદાજીત કુલ ૧૯૪ લારી, ગલ્લા, પાથરણા તેમજ અન્ય વસ્તુઓ ઉપાડવામાં આવેલ છે.

સુરત શહેરના તમામ વિસ્તારો પૈકી વરાછાનો વિસ્તાર એ અતિગીચ વસ્તી ધરાવતો વિસ્તાર છે જયાં સમપહોળાઈના રોડ હોવા છતાં જનમેદની દ્વારા મહત્તમ ટ્રાફીક જામ થવાના પ્રસંગો ઉપસ્થિત થતા રહ્યા છે. ઉપરાંત લોકોમાં ટ્રાફીકની સમજનો અભાવ પણ જોવા મળે છે આ અંગે પોલીસ કર્મીઓ તેમજ સુરત મહાનગરપાલિકાના સ્ટાફની સંયુકત કામગીરીને કારણે શહેરના અતિગીચ અને મહત્તમ ટ્રાફીક ધરાવતા વિસ્તારમાં લોકો ગમે તેમ વાહનો પાર્ક કરતા ચેતે છે તેમજ ટ્રાફીકની સમસ્યાનો ઉકેલ પણ આવી શકેલ છે. ખરેખર આ કામગીરી એક પ્રશંસનીય કામગીરી છે. આમ, પોલીસ સ્ટાફ તથા મહાનગરપાલિકાના દબાણ ખાતાના સ્ટાફ સંયુકતપણા હેઠળ લાંબા સમય સુધી આવા પ્રકારની કામગીરી કરવાનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્યલક્ષી કામગીરી :–

સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના અનુસાર સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૧/૦૭/૧૩ નાં રોજ આરોગ્ય વિભાગ તથા ફુડ સેફટી ઓફિસરશ્રી ધ્વારા હાલની ચોમાસાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત બારડોલી રોડ ઉપર આવેલ એ.પી.એમ.સી. માર્કેટની અંદર તથા આજુબાજુનાં ભાગે આવેલ જથ્થાબંધ કેળાનો તેમજ ફળફળાદિનો ધંધો કરતાં વેપારીઓ પાસે બગડેલ કેળાંઓ, ફળફળાદિ રાખવા તેમજ આજુબાજુ ગંદકી કરવા બદલ **કુલ–૧૪** જથ્થાબંધ કેળાં અને ફળફળાદિનાં વેપારીઓ પાસે **રૂા.૩ર,૦૦૦/–** નો વહીવટી ચાર્જ વસુલ કરી કુલ **૧૩૯૦ કિલોગ્રામ** અખાદ્ય કેળા અને બીજા બગડેલ ફળફળાદિનો નાશ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સુરત બારડોલી રોડ એ.પી.એમ.સી. માર્કેટની આજુબાજુ આવેલ હોટલ, રેસ્ટોરન્ટમાં પણ ઘનિષ્ઠ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે પૈકી હોટલ આશિષ, સાંઈ સંસ્થા એન્ડ કેટરર્સ, સુમુલ ડેરી પાર્લર, મોડર્ન પરોઠા હાઉસ, શિવશકિત હોટલ, હોટલ સરોજા નામની **કુલ–૦૬ (છ)** સંસ્થાને ગંદકી રાખવા બદલ **રૂા.૧૬,૧૦૦/–** નો વહીવટી ચાર્જ વસુલ કરી નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવી છે.

લિંબાયત ઝોનનાં ડીંડોલી ખરવાસા રોડ ઉપર આવેલ પ્રાઈવેટ સ્કુલોમાં પણ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે પૈકીની ઓમનગરમાં આવેલ વિદ્યા વિહાર સંકુલ તેમજ હસ્તીનગરમાં આવેલ રોઝ બડર્સ સ્કુલોનાં પરિસરમાં ગંદકી રાખવા તથા તેમનાં ટોયલેટ બ્લોક અસ્વચ્છ હોવાથી બન્ને સ્કુલોનાં પરિસરમાં ગંદકી રાખવા તથા તેમનાં ટોયલેટ બ્લોક અસ્વચ્છ હોવાથી બન્ને સ્કુલોને **રૂા.૫,૦૦૦/–** લેખે **રૂા.૧૦,૦૦૦/–** ની પેનલ્ટી વસુલ કરી નોટીસ પાઠવવામાં આવેલ છે.

આજના અભિયાનમાં કેળાં અને ફળફળાદિનાં જથ્થાબંધ વેપારીઓ, રેસ્ટોરન્ટનાં માલિકો તથા સ્કુલનાં સંચાલકોને ગંદકી રાખવા બદલ તેમની પાસે **કુલ રૂા.૫૮,૧૦૦/–** વહીવટી ચાર્જ વસુલી નોટીસો આપવામાં આવેલ છે. તેમજ કુલ **૧૩૯૦ કિલોગ્રામ** બગડેલ ફળફળાદિ, કેળાંનો નાશ કરવામાં આવેલ છે અને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

TOP

## ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ની સુચના મુજબ તા.૧૦/૦૭/૧૩ ના રોજ સુરત રેલ્વે સ્ટેશનની સામે આવેલ હોટલ/રેસ્ટોરન્ટનું ચેકીંગની કામગીરીઃ–

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ની સુચના મુજબ તા.૧૦/૦૭/૧૩ ના રોજ સુરત રેલ્વે સ્ટેશનની સામે આવેલ હોટલ/રેસ્ટોરન્ટનું ચેકીંગ કરવામાં આવેલ. ચેકીંગ દરમ્યાન નીચે જણાવેલ રેસ્ટોરન્ટોમાં વેચાણ અંગેના ખાદ્યપદાર્થો ખુલ્લા રાખવામાં આવેલ તથા રસોડામાં મોટાપાયા પર ગંદકી માલુમ પડેલ.

(૧) તાજમહાલ કોલ્ડ્રીંકસ એન્ડ ટી હાઉસ
(૨) વૃંદાવન સ્વીટ એન્ડ ફરસાણ રેસ્ટોરન્ટ
(૩) શ્રી મથુરાભવન સ્વીટ એન્ડ રેસ્ટોરન્ટ

ઉપરોકત જણાવેલ ત્રણેય સંસ્થાઓને તાત્કાલિક ધોરણે બંધ કરાવવામાં આવેલ છે તથા જુદીજુદી આરોગ્યલક્ષી ખામીઓ બાબતે નોટીસ આપી દરેક સંસ્થાને રૂા.૫,૦૦૦/– મળી કુલ રૂા.૧૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવેલ છે.

આ મુજબની ઝુંબેશ સેન્ટ્રલ ઝોનના અલગ અલગ વિસ્તારમાં ચાલુ રાખવામાં આવશે અને ગંદકી કરતી સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩(કરંજ) ના રીઝર્વેશન હેઠળના ફા. પ્લોટ નં.૯૭માં ક્રાંતિ સોશ્યલગૃપ અને શાંતિવનના વહીવટકર્તાઓ તરફથી કરવામાં આવેલ બિનઅધિકૃણ દબાણ દુર કરી જગ્યાનો કબજો મેળવ્યો:–

ટી.પી.સ્કીમ નં.૩(કરંજ) ના રીઝર્વેશન હેઠળના ફા. પ્લોટ નં.૯૭ કે જે ૧૫૦' ફુટના રોડને લાગુ સંતોષીનગર સોસાયટી પાસે આવેલ છે. મજકુર રીઝર્વેશન હેઠળના ફા.પ્લોટ નં.૯૭ ની ઉત્તર તરફના ભાગે ૨૭૦.૦૦ ચો.મી. જગ્યા સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૧૮૩/૨૦૦૨ થી ક્રાંતિ સોશ્યલગૃપની માંગણી અન્વયે શાંતિવન બનાવી જાળવણી, મરામત અને નિભાવ માટે ફાળવવામાં આવેલ હતી. અને તેને લાગુ ૬૫.૧૨ ચો. મી. જગ્યા સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૧૮૪/૨૦૦૨ થી સંસ્કારભારતી એજયુકેશન ટ્રસ્ટને ફાળવવામાં આવેલ આવેલ હતી. પરંતુ ક્રાંતિ સોશ્યલગૃપના વહીવટકર્તાઓએ સંસ્કારભારતી એજયુકેશન ટ્રસ્ટને ફાળવવામાં આવેલ ૬૫.૧૨ ચો.મી. જેટલી જમીનમાં બિનઅધિકૃત રીતે દબાણ કરીને સ્ટોર, સંડાસ–બાથરૂમ અને ૨૪૦.૦ ચો.ફુટ ના માપમાં કાચો પતરાનો શેડ તથા એક પતરાનું કેબીન બનાવી ઘણાં વર્ષોથી દબાણ કરેલ હતું. આ અંગે ક્રાંતિ સોશ્યલગૃપના વહીવટકર્તાને પત્ર નં. પૂર્વઝોન/ટીડી/૫૪૭૯, તા.૨૫/૦૩/૨૦૧૩ થી કારણદર્શક નોટીસ આપી મજકુર બિનઅધિકૃત જગ્યાનો કબજો ખાલી કરવા જણાવેલ હતું. પરંતુ ક્રાંતિ સોશ્યલગૃપના વહીવટકર્તાઓ અને શાંતિવનનો ઉપયોગ કરનાર વયોવૃધ્ધ વ્યકિતઓનો સખત વિરોધ હોઈ, કબજો મેળવી શકતો ન હતો.

આજરોજ પૂર્વ(વરાછા) ઝોનના ઝોનલચીફ અને ડે. કમિશનરશ્રી(સ્પે.) ના હુકમ મુજબ તેમજ કાર્યપાલક ઈજનેરરી આર.વી.ગામીત ના માર્ગદર્શન અને નિગરાની હેઠળ પૂર્વઝોનના શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણખાતા સ્ટાફ તેમજ સીકયુરીટી અને પોલીસ બંદોબસ્તની હાજરીમાં ૧(એક)–જે.સી.બી. મશીન, ૨(બે) ડમ્પર મશીન સાથે ઉપરોકત મિશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે. અને બિનઅધિકૃત દબાણનો પુરેપુરો કબજો મહાનગરપાલિકાઓ હસ્તગત કરેલ છે.

TOP

## બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ '' સેન્ટ્રલાઈઝડ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન '' ભટાર સુરત ખાતે કરવા બાબતઃ–

આથી જણાવવાનું કે, હોસ્પિટલ, દવાખાના, નર્સીગ હોમ, ડીસ્પેનસરી, બ્લડ બેંક, પેથોલોજીકલ લેબોરેટરી વિગેરેને એન્વાયરોમેન્ટલ પ્રોટેકશન એકટ–૧૯૮૬ અંતર્ગત બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ અને હેન્ડલીંગ) રૂલ્સ–૧૯૯૮ ની કલમ–૬, ૮ તથા શીડયુલ–૧ અને ૨ ની કલમ–૫, ૬ મુજબ જૈવિક કચરાના એકત્રિકરણ અને અંતિમ નિકાલની અંગેની જવાબદારી અને તેના ચુસ્ત અમલ તેઓ તરફથી કરવાના હોય છે. આવી સંસ્થાઓએ પોતાનો બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કચરાપેટી, કન્ટેઈનર તથા ડોર ટુ ડો ગાર્બેજ કલેકશનની ગાડીમાં કરવાનો હોતો નથી. તેઓએ આ બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ '' સેન્ટ્રલાઈઝડ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન '' ભટાર સુરત ખાતે કરવાનો હોય છે.

આજરોજ તા.૧૨/૦૭/૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોનના નાનપુરા વિસ્તરમાં હોસ્પિટલોમાં તપાસણી કરતા નાનપુરા બહુમાળી બિલ્ડીંગની બાજુમાં આવેલ ડો.વત્સા પટેલ અને ડો.પ્રશાંત પટેલ ની '' પ્રવર હોસ્પિટલ '' નો એકત્રિત થયેલ બાયોમેડીકલ વેસ્ટ કન્ટેઈનરમાં નાંખતા ઝડપાતા રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવેલ છે તથા ચુસ્તપણે અમલ કરવા માટે નોટીસ આપવામાં આવેલ છે. આ ઉપરાંત સેન્ટ્રલ ઝોનના જુદાજુદા વિસ્તારોમાં આરોગ્ય વિભાગના સ્ટાફ ધ્વારા ખાણીપીણીનું વેચાણ કરતી સંસ્થાઓ હોટલ/રેસ્ટોરન્ટ, ખાણીપીણીની લારીઓનું '' ઓપરેશન હેલ્થ કેર '' અંતર્ગત આકસ્મિક ચેકીંગ કરતા નીચે જણાવેલ સંસ્થાઓમાં મોટાપાયે ગંદકી, ખાદ્યપદાર્થો ખુલ્લા તથા જુદીજુદી આરોગ્યલક્ષી ખામી બાબતે કુલ રૂા.૧૧,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. આમ કુલ રૂા.૩૬,૦૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

**સંસ્થાની વિગત**

(૧) જે. મોહનલાલ સમોસાવાલા, હીરાબજાર
(૨) ગોપાલ લોચો, હીરાબજાર
(૩) લલીતકુમાર મોહનલાલ ગાંધી, બેગમપુરા આમખાસ
(૪) સીન્ડીકેટ સમોસાવાલા, બેગમવાડી
(૫) ગાયત્રી ફરસાણ માર્ટ, ઝાંપાબજાર

TOP

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર ઈંટનું ચણતર, પ્લાસ્ટર સહિતનું બાંધકામ દૂર કરવાની કામગીરીઃ—

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૪ નોંધ નં.૩૧૨, ૩૧૩ દુધારાશેરી, મહિધરપુરા, સુરત વાળી મિલ્કતમાં અત્રેથી સેન્ટ્રલ ઝોન/આ./નં.૧૪૩, તા.૨/૭૦૮/૨૦૧૨ થી આપવામાં આવેલ વિકાસ પરવાગની વિરૂધ્ધ પાંચમાં માળે આશરે ૨૫૦૦ ચો. ફુટનું આર.સી.સી. સ્લેબ/બીમ/કોલમ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તેમજ ગ્રા. ફલોર ૫ર મંજૂર પ્લાન મુજબ પાછળના ભાગે પાર્કિંગ વાળી જગ્યામાં આશરે ૭૦ ચો. ફુટનું ફલેટ બનાવવાના ઈરાદે કરેલ ગેરકાયદેસર ઈંટનું ચણતર, પ્લાસ્ટર સહિતનું બાંધકામ અત્રેથી તા.૧૧/૦૭/૧૩ રોજ દૂર કરવામાં આવેલ છે.

TOP

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સ્લેબ/બીમ કોલમ સહિતનું વધારાનું બાંધકામ ત્રીજી વાર દૂર કરવાની કામગીરી બાબતઃ–

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧ માં ડંગોર સ્ટ્રીટ નાનપુરામાં આવેલ નોંધ નં.૧૧૫૫ વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રી ધનસુખલાલ છોટાલાલ એ રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૨/૦૬/૧૨ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજૂરી આપવામાં આવી હતી. તેમજ વોર્ડ નં.૧ માં ડંગોર સ્ટ્રીટ નાનપુરામાં આવેલ નોંધ નં.૧૧૫૬ વાળી મિલ્કતમાં ભોંયતળીયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રી અબ્દુલકાદર સુલેમાન સુરતીએ રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૧/૦૨/૧૧ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજૂરી આપવામાં આવી હતી. મિલકત નં.૧૧૫૫ અને ૧૧૫૬ માં આ મંજુર પ્લાન વિરુધ્ધ ચોથા માળનું વધારાનું બાંધકામ કરતાં અત્રેથી તા.૦૬/૦૨/૧૩ ના રોજ ચોથા માળનું વધારાનું બાંધકામ દૂર કરવામાં આવેલ હતું. ત્યારબાદ સદર મિલકતમાં ફરીથી વધારાનું ચોથામાળનું બાંધકામ કરતા અત્રેથી તા.૦૨/૦૩/૧૩ ના રોજ ફરી ચોથા માળનું ૧૪૦૦ ચો. ફુટનું સ્લેબ/બીમ/કોલમ સહિતનું બાંધકામ દૂર કરેલ હતું. આજરોજ સ્થળ નિરીક્ષણમાં ફરીથી ચોથા માળનું બાંધકામ કરેલ હોવાનું જણાતા તા.૧૨/૦૭/૧૩ ના રોજ ફરીથી ચોથા માળનું બાંધકામ કરેલ હોવાનું જણાતા તા.૧૨/૦૭/૧૩ ના રોજ આશરે ૧૮૮૫ ચો. ફૂટનું સ્લેબ/બીમ કોલમ સહિતનું વધારાનું બાંધકામ ત્રીજી વાર દૂર કરવામાં આવેલ છે.

TOP

## જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બોગામાં પ્રવેશ બાબતઃ–

સુરત મહાનગપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમાં જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૨૦/૦૭/૧૩ થી તા.૨૪/૦૭/૧૩ સુધી નીચે જણાવેલ બાગોમાં બપોરે ૦૩ઃ૦૦ થી રાત્રે ૧૧ઃ૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1 | નેતાજી સુભાષચંદ્રબોઝ ઉધાન–રાંદેર | 2 | મોરારજીભાઈ દેસાઈ ઉધાન–અડાજણ |
| 3 | જયોતિન્દ્ર દવે ઉધાન–જોગાણી નગર | 4 | લેકવ્યુ ગાર્ડન– પીપલોદ |
| 5 | પંડિત દિનદિયાળ ઉપાધ્યાય ઉધાન રાંદેર | 6 | સ્વામી વિવેકાનંદ ઉધાન–જીવકોરનગર |
| 7 | જવાહરલાલ નહેરુ ઉધાન અઠવાલાઈન્સ | 8 | મહારાજા અગ્રેસન ઉધાન–સીટી લાઈટ |
| 9. | સિધ્ધરાજ જયસિંહ સોલકી ઉધાન અલથાણ | 10 | શહીદ વીર ભગતસિંહ ઉધાન ત્રિકમ નગર |
| 11 | ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉધાન ઉધના | 12 | ઝવેરચંદ મેઘાણી ઉધાન– વરાછા |
| 13 | મહારાણા પ્રતાપ ઉધાન– વરાછા | 14 | પ્રમાનંદ ઉધાન– સીંગણપોર |
| 15 | વીર સાવરકર ઉધાન– ઉમરા | 16 | સ્નેહ મિલન બાગ– ટીમલીયા વાડ |
| 17 | સરોજીની નાયડુ ઉધાન– ઉમરા | 18 | કવિશ્રી જયંત પાઠક ક્રિડાંગણ સગરામપુરા |
| 19 | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક, ઉમરા | 20 | ડો.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |
| 21 | સ્વ.શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉધાન–ભેસ્તાન | 22 | ઉમીયામાતા ઉધાન, ખરવરનગર |
| 23 | સોમેશ્વર મહાદેવ બાગ– પાલ | 24 | પુષ્ટિ ઉધાન,– મગોબ. |

TOP

## "સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા" કાર્યક્રમનું આયોજનઃ–




ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરતા વરસાદના આગમનને વધાવવા તા.૧૨/૦૭/૨૦૧૩ના રોજ સુરત મહાનગરપાલિકા કોમ્યુનિટી હોલ, દીવાળી બાગ, સુરત ખાતે વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ મળી કુલ ૮૩ જેટલી શાળાઓના બાળકોએ પૂરી તન્મયતાથી વર્ષાગીતો ગાયાં હતાં. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય | પી.પી.સવાણી વિદ્યાભવન, હીરાબાગ |
| દ્વિતીય | શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા વિદ્યામંદિર | અંબાબા હરિપુરા ગર્લ્સ ઈંગ્લિંશ સ્કુલ |
| તૃતીય | સંસ્કારભારતી વિદ્યાલય | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન (અં.મા) |
| આશ્વાસન વિજેતા | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન (ગુ.મા.) | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય |
| | સરદાર પટેલ વિદ્યાભવન | સંસ્કારભારતી વિદ્યાલય |
| | અર્પણ વિદ્યાસંકુલ | શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા વિદ્યામંદિર |
| | જરઅરદેશર ચીનીવાળા પ્રાથમિક શાળા | |
| | સ્વામી દયાનંદ સરસ્વતી પ્રા.શાળા નં.૧૭૮ | |
| | કવિવરશ્રી રવિન્દ્રનાથ ટાગોર પ્રા.શા.નં. ૯૯ | |

આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષા શ્રીમતી મીનાબેન હિંગુ, મ્યુ.સદસ્યશ્રી રંજનબેન વેકરીયા, શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ(લ્હાણી) અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી ભાવેશભાઈ વાંકાણી, હિમાંશુભાઈ મકવાણા, જય તુલસીદાસ મહંતએ સેવા આપી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાગીતો માણ્યાં હતાં.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણીનો કાર્યક્રમઃ–

સુરત મહાનગરપાલિકા દ્વારા સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે અષાઢ સુદ સાતમ તા.૧૫/૦૭/૨૦૧૩ ને સોમવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સુરત શહેરના નગરજનોને આ પાવન પ્રસંગે સહભાગી થવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારમાં વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરી ની અખબારી યાદી:–

તારીખ ૦૮/૦૭/૨૦૧૩ ના રોજ ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ની મિટીંગમાં થયેલ ચર્ચા મુજબ મચ્છર જન્ય પરિસ્થિતિ ના નિર્માણ કરતાં ઈસમો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરવા સુચના આપવામાં આવેલ. સદર હકીકતે અત્રેના પશ્ચિમ ઝોન ના વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા ઝુંબેશરૂપી ચેકીંગ હાથ ધરી અગાઉ આપવામાં આવેલ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીશનો અનાદર કરતાં મોરાભાગળ, સંત તુકારામ વિ–૦૨, તેમજ પ્રશાંત નગર સોસાયટી, અને જ્ઞાનદીપ નગર સોસાયટી ના રહિશો સહિત કુલ ૦૯ ઈશમો સામે મ્યુ. કોર્ટમાં કેસ માંડવામાં આવેલ છે.

વધુમાં આજરોજ તારીખ ૧૫/૦૭/૨૦૧૩ ના રોજ આનંદ મહેલ રોડ ખાતેના સંસ્કાર ભારતી રિલાયન્સ મોલ ના પડતર બાંધકામ ખાતે તેમજ શિતલ ટોકિઝ ચાર રસ્તા પાસે હોપપુલનાં નિર્માણની કામગીરી કરતાં કોન્ટ્રાકટર ધ્વારા અત્રેના વી.બી.ડી.સી. વિભાગે આપેલ સુચનાનો અનાદર કરતાં અનુક્રમે રૂ. ૧૫૦૦૦/– તથા રૂ. ૧૦૦૦૦/– મળીને કુલ રૂ. ૨૫૦૦૦/– વહિવટી પરચુરણ ખર્ચની પણ વસુલાત કરવામાં આવેલ છે.

આથી સુરત શહેરની જાહેર જનતા સહિત અગ્રણી સંસ્થાઓને અપીલ કરવામાં આવે છે કે હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા આરોગ્યલક્ષી જનજાગૃતિ અભિયાન ની કામગીરીમાં સાથ – સહકાર આપી સહભાગી થવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ખુલ્લા પ્લોટો, સ્કૂલો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, પાસે કુલ રૂા. 45,500/- જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવાની કામગીરીઃ–

**સાઉથ ઝોન(ઉધના)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા નીચે મુજબના ખુલ્લા પ્લોટો, સ્કૂલો, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા બાંધકામો, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝ, સ્કૂલોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડિંગનો નાશ કરાવવામાં આવેલ છે તેમજ નીચે મુજબ કુલ 45,500/- જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.**

**<u>ખુલ્લા પ્લોટઃ–</u>**

**૧) પ્રાઈમ ડેવલોપર્સ, ગોલ્ડન ફલેટની પાછળ, ભેસ્તાનઃ– 16,000/-**

**૨) સુરેશભાઈ જેઠીરામ ગાધાણી, સંગમનગર સોસા., ભેસ્તાનઃ– 5,000/-**

**૩) હનુમાનભાઈ સુથાર, પ્લોટ નં.૨૯૬, તૃપ્તિનગર, બમરોલીઃ– 2,000/-**

**<u>સ્કૂલઃ–</u>**

**૧) ઓરિસ્સા ઉચ્ચ માધ્યમિક વિધાપીઠ, અંબિકાનગર, પાંડેસરાઃ– 2,000/-**

**૨) સેન્ટ જોસેફ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ, પાંડેસરા ગામઃ– 1,500/-**

**<u>ઈન્ડસ્ટ્રીઝઃ–</u>**

**૧) બજરંગ ડાઈંગ, સોલાપુર કંપાઉન્ડ, ઉધનાઃ– 5,000/-**

**૨) મનીલા ડાઈંગ, ખટોદરા સબજેલની પાછળ, ઉધનાઃ– 5,000/-**

**૩) ઓમ સાંઈ ઈન્ડસ્ટ્રીઝ, વડોદઃ– 2,500/-**

**૪) આર્મા ઈન્ડસ્ટ્રીઝ, વડોદઃ– 2,500/-**

**૫) સજજાદ હુસેન કમરૂદ્દીન રનાલાવાના, રોડ નં.૧૦, ઉધનાઃ– 2,000/-**

**<u>બાંધકામઃ–</u>**

**૧) વીલ ડેવલોપર્સ, ઉનઃ– 2,000/-**

**TOP**

## તાપી જન્મજયંતિ નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમઃ–



ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહયું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. તેવી ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૧૫/૦૭/૨૦૧૩ને સોમવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિ.કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસકપક્ષ નેતાશ્રી આર.કે.લાઠીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરી બાબત:–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા તથા તા.૧૧–૬–૧૩ નાં રોજ મળેલ આંતર ખાતાકીય સંકલન બેઠકમાં માન.મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવેલ સુચનને ધ્યાને લઈ સુરત શહેરની તમામ સ્કૂલના બાળકોનો સમાવેશ કરીને શિક્ષણ વિભાગના પરામર્શમાં રહીને પ્રોગ્રામને ઉપયોગી બાબતોના સમાવેશ સાથેના અભ્યાસક્રમને દાખલ કરી જનજાગૃતિ ઉભી કરવા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શાળાઓના શિક્ષકોને મેલેરીયા, ડેન્ગ્યું અને ચિકનગુનિયા રોગ અંગેની જાણકારી આપવા માટેનો એક તાલીમ કાર્યક્રમ વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૩/૭/૨૦૧૩ નાં રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ હતો. જેમાં સુરત શહેરની નગર પ્રાથમિક શાળાના શિક્ષકો હાજર રહેલ હતા. સદર તાલીમમાં સેન્ટ્રલઝોન નાં ૧૯૭ શિક્ષકો, રાંદેરઝોન નાં ૭૭ શિક્ષકો, ઉધનાઝોન નાં ૧૮૪ શિક્ષકો, લિંબાયતઝોન નાં ૩૦૬ શિક્ષકો, અઠવાઝોન નાં ૬૮ શિક્ષકો, કતારગામઝોન નાં ૧૨૪ શિક્ષકો, વરાછાઝોન નાં ૯૯ શિક્ષકો આમ કુલ ૧૦૫૫ શિક્ષકો તાલીમમાં હાજર હતા. તાલીમશિબિરમાં ડે.કમિશનરશ્રી આર.જે.પટેલ દ્વારા બાળકોને મચ્છરજન્ય રોગ વિષે જાગૃતિ આપી તેમને રચનાત્મક કાર્ય દ્વારા મચ્છરજન્ય રોગના નિયંત્રણમાં સાંકળી લેવા જણાવ્યુ. ઈ.ચા.જંતુનાશક અધિકારી શ્રી ડો.કેશવ વૈષ્ણવ દ્વારા સમગ્ર કાર્યક્રમની પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપવામાં આવી હતી. વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા મચ્છરજન્ય રોગ વિષ જણકારી આપવામાં આવી હતી.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) હસ્તકના વિસ્તારમાં આરોગ્ય તથા ઈજનેરી વિભાગની સામુહિક સફાઈ અભિયાન કામગીરી સાથે વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા કરેલ કામગીરીની અખબારી યાદી :–

આજરોજ તારીખ ૧૭/૦૭/૨૦૧૩ ના રોજ પશ્ચિમ ઝોન ( રાંદેર) હસ્તકના કૃષ્ણકુંજ વોર્ડ ઓફિસના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આરોગ્ય અને ઈજનેરી વિભાગ ધ્વારા સામુહિક સફાઈ અભિયાનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા પણ વૈભવ નગર સોસાયટી,વર્ષા સોસાયટી. કૃષ્ણકુંજ સોસાયટી દિન દયાળ સોસાયટી, દિપાંજલી સોસાયટી, બાલાજીકૃપા સોસાયટી, ખાતે સર્વેની કામગીરી હાથ ધરી કુલ ૧૦૬૬ ઘરો સર્વે કરવામાં આવેલ. જેમાં કુલ ૦૭ ઈસમોને તાવ માલુમપડતાં તે વિસ્તારમાં કુલ ૮૧ ઈસમોનું મેલેરિયાના પરિક્ષણ માટે બ્લ્ડ સ્મીયર એકત્રીત કરવામાં આવેલ.

સદર કામગરી સાથે પાલનપુર જકાતનાકા પાસે આવેલ " રાજ પોઈન્ટ " બાંધકામ ખાતે ચેકીંગ કામગીરીહાથ ધરતાં માનનીય હાઈર્કોટના ચુકાદા PIL-122 OF 2011 મુજબ અમલવારી કરતાં ન હોવાનું માલુમ પડેલ. તથા બાંધકામના ભોંયતળિયામાં મચ્છરનું બ્રિડીંગ જોવા મળેલ તેનો નાશ કરાવી સાઈટ ઉપર રહેતાં વ્યકિતઓને મચ્છરદાની પુરી ન પાડતાં માનનીય હાઈર્કોટના સુચનોના અનાદર કરવાં બદલ રૂ. ૨૫૦૦૦/– વહિવટી પરચુરણ ખર્ચ પેટે સ્થળ ઉપર જ વસુલવાની કામગીરી કરવામાં આવેલ છે.

આથી તમામ બાંધકામના ઓંર્ગેનાઈઝરોને જાણ કરવામાં આવે છેકે આથી માનનીય હાઈર્કોટના ચુકાદા PIL-122 OF 2011 મુજબની જાહેર નોટિશની અવગણનાં કરતાં હોવાનું માલુમ પડશે તો નળ કનેકશન, ડ્રેનેજ કનેકશન જેવી સુવિધા સ્થગિત કરવાની તેમજ જાહેર ન્યુસન્સ માલુમ પડશે તો તેવાં કિસ્સામાં બાંધકામની પરવાનગી રદ કરવા સુધીની કડક કાર્યવાહી હાથ ધરવાની તજવીજ કરવામાં આવશે. જેની અચુક નોંધ લેવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સ્લેબ/બીલ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવાની કામગીરીઃ–

ઝોનલ ચીફ શ્રી અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૭ માં ચોથીયા શેરી, રામપુરા, સુરતમાં આવેલ નોંધ નં.૩૮૯૫ વાળી મિલ્કતમાં ભોંયતળિયું અને ત્રણ માળની પ્લાન સહિતની અરજી મિલ્કતનાં હીત ધરાવનારા શ્રીમતી મીનાબેન સત્યનારાયણ અગ્રવાલ પી.ઓ.એ.એચ. ઓફ જયોતિન્દ્રકુમાર શ્યામસુંદર અગ્રવાલ તથા બીજાઓએ સી.ઝેડ/ઈન./નં.૩૪૨, તા.૧૯/૦૨/૧૩ થી રજુ કરેલ હતી. જેને સેન્ટ્રલ ઝોન ધ્વારા સી.ઝેડ/ઈન./નં.૩૦, તા.૦૮/૦૫/૧૩ ના રોજ રજાચીઠ્ઠી આપી મંજુરી આપવામાં આવી હતી. સદર મિલ્કતમાં મંજુર પલાન વિરુધ્ધ ચોથા માળનું વધારાનું બાંધકામ કરતાં અત્રેથી તા.૧૭/૦૭/૧૩ ના રોજ ચોથા માળનું આશરે ૯૧૫ ચો. ફૂટનું સ્લેબ/બીલ/કોલમ સહિતનું વધારાનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ સદર મિલ્કતમાં પાંચમો માળ બનાવવાનાં આશયથી બાંધવામાં આવેલ સેન્ટ્રીંગ પણ દુર કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા બાબતઃ–

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૩ ના રોજ **માધ્યમિક અને ખુલ્લા વિભાગની** મહેંદી સ્પર્ધા, તા.૧૯/૦૭/૨૦૧૩ ના રોજ **પ્રાથમિક વિભાગની** મહેંદી સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકથી **રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત** ખાતે તથા તા.૨૦/૦૭/૨૦૧૩ ના રોજ **ગોરમાગીત સ્પર્ધા** સવારે ૯.૦૦ કલાકે **સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત** ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP